# સંશોધન નિયામકશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ-૩૮૮ ૧૧૦


## પરિપત્ર

આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, દિવાળીના તહેવાર નિમિતે યુનિવર્સિટીમાં તા.૧૪/૧૧/૨૦૨૦ થી તા.૧૭/૧૧/૨૦૨૦ (જાહેર રજાઓ સહિત) સુધીની સળંગ રજાઓ હોઇ યુનિવર્સિટીની માલ-મિલ્કતની સુરક્ષા અને સલામતી જળવાઇ રહે તે હેતુસર નીચેની બાબતો ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

(૧) તમામ કચેરીની બિલ્ડીંગોની ઉપર તથા બહારની બાજુએ મૂકવામાં આવેલ લાઇટો રાત્રિના સમયગાળા દરમ્યાન ચાલુ રાખવા અંગેની વ્યવસ્થા કચેરી કક્ષાએ ગોઠવવાની રહેશે તેમજ કચેરીના બારી બારણા ખુલ્લા રહી ન જાય તેની સંપૂર્ણ તકેદારી રાખવાની રહેશે. વધુમાં, જે તે આચાર્ય/ડીન/યુનિટ વડાએ અંગત રસ લઇને સદર બાબતની ચુસ્ત પણે અમલવારી થાય તે જરૂરી છે.

(૨) જેઓ કેમ્પસ / વેટરનરી વસાહતમાં રહેતા હોય તે તમામ અધિકારી / કર્મચારીઓને આથી જણાવવામાં આવે છે કે, આ રજાઓના સમયગાળા દરમ્યાન તેમના કુટુંબ સાથે કેમ્પસ છોડીને પોતાના વતન / બહારગામ જવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે સલામતીના પગલાં રૂપે તેઓએ યુનિવર્સિટીની સિકયુરીટી એજન્સીને આગોતરી લેખિત જાણ કરવાની રહેશે તથા સિકયુરીટી એજન્સીના નીચેના હેલ્પ લાઇન નંબર ઉપર સલામતી હેતુસર જાણ કરવાની રહેશે.

| | |
|---|---|
| સીકયુરીટી ઓફીસર | ૯૮૯૮૦ ૫૫૬૮૪ |
| સીકયુરીટી ઓફીસર (કલાક-૨૪) | ૯૮૯૮૦ ૨૨૦૯૦ |

(3) યુનિવર્સિટી કેમ્પસ ખાતેના જાહેર રસ્તા તથા એપ્રોચ રોડ ઉપર સ્ટ્રીટ લાઇટો રાત્રિ દરમ્યાન ચાલુ રાખવાની વ્યવસ્થા કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી દ્વારા ગોઠવવાની રહેશે. જો કોઇ આવી લાઇટો બંધ / ખરાબ થઇ ગયેલ હોય તો સ્થાનિક કક્ષાએ અથવા કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરીનો તાત્કાલિક સંપર્ક કરી આગળની કાર્યવાહી હાથ ધરવી.

જા.નં. આ.કૃ.યુ/સં.નિ./ટી.૧/ ૫૦૨૨ /૨૦૨૦
તા.૨૨/૧૦/૨૦૨૦

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષ

નકલ રવાના પ્રતિ,

1) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ.
2) કાર્યપાલક ઇજનેરશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.
3) આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.
4) સિકયુરીટી ઓફીસરશ્રી, એ-વન ઇન્ડસ્ટ્રીયલ સિકયુરીટી એન્ડ ઇન્વેસ્ટીગેશન સર્વિસ, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ તથા કેમ્પસમાં સલામતી જળવાઇ રહે તે હેતુસર ઉકત રજાઓના સમયગાળા દરમ્યાન યુનિવર્સિટી વસાહતમાં રાત્રિ દરમ્યાન વધારાના રાઉન્ડ ગોઠવી ચોરી કે નુકસાનીના કોઇ બનાવ ન બને તે અંગેની વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે.